બાળકો અને નવયુવાનો માટે

# હાદી
માસિક

## رمضان کریم

અંક ૦૭



રૂા. ૩૦/-




રમઝાનુલ મુબારક હી.સ. ૧૪૩૬,
જુલાઈ ૨૦૧૫

Vol. 1, Issue No. 7, 10th July 2015 RNI No: GUJGUJ/2015/59960
Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD-382440

## હાદી ૨૦૧૩













## હાદી ૨૦૧૪













## હાદી ૨૦૧૫












ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

રમઝાનુલ મુબારક, હીજરી સન ૧૪૩૬,

જુલાઈ ૨૦૧૫

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં

**મુખ્ય તંત્રી :**

સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

**કાર્યવાહક તંત્રી :**

સૈયદ મોહમ્મદ અફ્ઝર

સૈયદ આબીદ હુસૈન એ રિઝવી 7383560072

**સહાયકો :**

અહમદ રેઝા ઝુરારહ

તાલીમ રેઝા અજમેરી

એહસાન અલી રિઝવી

**અનુવાદક :**

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી આઈ. એ. એસ (નિવૃત્ત)

**શુષોભન :**

Heb Grafix મોહમ્મદ તાહીર

9898937633 E-mail: smtahir202@gmail.com

**ટુરીંગ એજન્ટ :**

સૈયદ મીસમ મેહદી રિઝવી 9510344219

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો! અસ્સલામો અલયકુમ

અલ્લાહનું ઘર ખાનએ કાઅબા છે. અલ્લાહની કિતાબ (પુસ્તક) કુરઆન છે. અલ્લાહનો દીન ઈસ્લામ છે. તેવી જ રીતે અલ્લાહનો મહીનો રમઝાનુલ મુબારક છે.

રમઝાનુલ મુબારકનો મહીનો રોજા રાખવાનો-ઈબાદતોનો અને કલામે પાકની તિલાવત કરવાનો મહીનો છે. અમે પણ આમાં આ બાબતો વિશે તમારા માટેની જાણકારી અને અન્ય ઘણી વસ્તુઓ એકત્ર કરી છે.

બંદગીના આ માસમાં ખુદાએ ભૂખ્યા અને તરસ્યા રહેવાને પોતાની સાચી બંદગી ગણી છે.

આ મહીનામાં જ શબે કદ્ર આવે છે. શબે કદ્રમાં લવહે મહેફૂઝ ઉપર કુરઆન ઉતારવામાં (નાઝિલ કરવામાં- લખવામાં) આવ્યું છે અને ઈમામતના સિલસિલાની બીજી કડી - રસુલે સકલૈન (સ.અ.વ.)ના ફરઝન્દની મુબારક વિલાદતે તો રમઝાન માસની મહાનતામાં અનેકગણો વધારો કરી દીધો છે.

પરંતુ ઓગણીસમી, વીસમી અને એક્વીસમી તારીખો ને પણ ભૂલવી જોઈએ નહીં. આ ગમના દિવસો છે. ઓગણીસમી એ આપણાં મૌલાને વાર કરવામાં આવ્યો જેને કારણે એક્કીસમી એ આપની શહાદત થઈ ગઈ હતી. આ દિવસોમાં બીજી ઈબાદતો સાથે ઈમામના સોગમાં શરીક થવાનું અને ગમ મનાવવાનું ભૂલતાં નહી.

અને આ મહીનો ખતમ થયા પછી તરત જ આપણાં માટે ઈદની મહાન ભેટ પણ આવશે જ.

વહાલા મિત્રો! અમને અને આપના હાદીને પોતાની ખુશીઓમાં ભૂલી જતાં નહીં, હોં!

વસ્સલામ

**વિગતો માટે સંપર્ક :**

હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.) ગોલ્ડન પાર્ક, વટ્વા, અમદાવાદ, ગુજરાત, ભારત

E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org

PHONE NO: 079-25892786, 93266 78614, 70969 21472, 97249 37865

# જનાબ ખદીજતુલ કુબરા

મલીકતુલ અરબ- ઉમ્મુલમોઅમેનીન- અત્યંત ઉચ્ચ દરજ્જાના સદ્ચારિત્ર ધારકના જીવન સંગીની- હઝરત ખદીજતુલ કુબરાની વફાત પણ રમઝાનુલ મુબારકના મહીનામાં જ થઈ છે. રસૂલે ખુદા સ.અ.વ. ને દીને મોહમ્મદીના પ્રચાર-પ્રસાર કાજે જેની ખૂબજ આવશ્યક્તા હતી તેવા સંકટના સમયે આપે રસૂલે ખુદા સ.અ.વ. ને ખુબજ મદદ કરી હતી અને પોતાની સઘળી સંપત્તિ- ધન- દોલત તમામ ઈસ્લામના પ્રચાર-પ્રસારના કાજે આપ સ.અ.વ. ના ચરણે ધરી દીધું હતું, તેથી જ આપની વફાતથી આપ સ.અ.વ. અત્યંત દુ:ખી થયાં હતાં.

વિલાદતઃ આમુલ ફીલથી ૩ વરસ પૂર્વે
પિતાઃ ખવીલદ-બીન-અસદ
માતાઃ ફાતેમા બિન્તે ઝાએદા

રસુલે ખુદા સ.અ.વ. ના અત્યંત પુણ્યશાળી અસ્તિત્વ એ સમગ્ર અરબસ્તાનમાં એક નવા વાતાવરણનું નિર્માણ કરી દીધુ હતું. આપના શત્રુઓ પણ આપના સદ્ચારિત્રને સ્વીકારતાં હતાં. આ સમયગાળામાં જયારે આ સમાચારો જનાબ ખદીજાને મળ્યાં તો તેઓ પણ તેનાથી પ્રભાવિત થયા વગર ન રહી શકયાં. આપે લગ્નનું માંગું મોકલ્યુ. રસૂલે ખુદા સ.અ.વ. એ એ માંગાનો સ્વીકાર કર્યો અને તે રીતે અરબસ્તાનના સૌથી ક્ષીમંત કુટુંબની સમ્રાગ્ની (મલેકા) રસૂલે ખુદા સ.અ.વ. ના પત્નિ બની ગયાં. રસૂલે ખુદા સ.અ.વ. સાથે આપે લગ્ન કર્યા તે પહેલાં આપના લગ્ન બીજા કોઈ સાથે થયાં નહોતાં. તે વખતે આપની મુબારક વય ૨૮ વરસ હતી.

જે વરસે જનાબ ખદીજા અને જનાબ અબુતાલિબના અવસાન થયાં હતાં તે વરસને રસૂલે ખુદા સ.અ.વ. એ "આમુલ-હુઝ્ન" (શોકનો વરસ) ઘોષિત કર્યો હતો. પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી આપ સ.અ.વ. આ બંનેના ઉપહારને તેમજ તેમના પ્રેમને ભૂલ્યાં નહોતાં.

# આપણી વાત



મુસલમાનોનો પ્રથમ કિબ્લો "બૈતુલ મુકદ્દસ" સતત યહૂદીઓના કબ્જામાં છે અને પેલેસ્ટાઇનની પ્રજા રાત-દિવસ યહૂદીઓના અત્યાચાર, ઘૃણા અને અપમાનોના લક્ષ્ય પર રહી છે. ત્યાં અત્યાચાર- બર્બરતા અને પાશ્વિકતાનો એવો ઈતિહાસ રચાઈ રહ્યો છે કે જેને જોઈને માનવીય આત્મા સુધ્ધા ધ્રુજવા લાગે છે પરંતુ માનવીય અધિકારોના એ કહેવાતાં ધ્વજધારીઓની દ્રષ્ટિએ આ અત્યાચારો કાંઈ મહત્વ નથી ધરાવતાં, તે અંગે આશ્ચર્ય થાય છે અને પોતાની જ ધરતી ઉપર ઘરવિહોણાં અને નિરાશ્રિત બનાવી દેવામાં આવેલ કૌમના કત્લેઆમને અતિક્રમણ કરનાર યહૂદી શાસનના સ્વરક્ષણના અધિકારમાં ખપાવી દઈને શરમ તદ્દન નેવે મૂકી દઈને અત્યાચારના સકંજાને વધુ મજબૂત બનાવવામાં આવી રહ્યો છે અને આ કાર્ય પ્રણાલીના આ લાંબા સમયગાળાએ નિશ્ચિતરૂપે એ હકીકત સાબિત કરી દીધી છે કે પેલેસ્ટાઈનની સ્વતંત્રતાનો માર્ગ ન તો સંયુકત રાષ્ટ્રમાંથી નીકળે છે કે ન તો વોશિંગ્ટન અને લંડનના મહેલોમાંથી, પરંતુ એનો એક માત્ર માર્ગ સંગઠિત થઈને દ્રઢતાપૂર્વકનો આક્રમક વિરોધ અને શત્રુઓએ પચાવી પાડેલી આપણી જમીનના રક્ષણ માટે બધું જકરી છુટવાની તૈયારી છે અને હવે સમયની માંગ અને આવશ્યકતા છે કે સંપૂર્ણ મુસ્લિમ કૌમ (મિલ્લતે ઈસ્લામીયા) પેલેસ્ટાઈનના અત્યાચાર પીડિતો સાથે ખભેથી ખભો મિલાવીને ઉભી રહે અને અત્યાચાર અને અન્યાયના વિરોધમાં સંગઠિત થઈને જોરદાર વિરોધ પ્રદશિત કરે અને પેલેસ્ટાઈનની સ્વતંત્રતાના કાજે પોતાના સઘળા સાધનો કામે લગાડે જેથી કરીને પેલેસ્ટાઈનના મુજાહિદો સંપૂર્ણ દ્રઢ નિશ્ચય અને શકિત સાથે પોતાના વતનનું રક્ષણ કરી શકે.

# ઈમામ હસન અ.સ.

ઈમામ હસન અ.સ. આપણાં બીજા ઈમામ અને ચોથા માઅસૂમ છે.

વિલાદત : ૧૫ રમઝાન સન 3 હીજરી, મદીનામાં આપની વિલાદત થઈ હતી.

નામ : શબ્બર જેનો એરેબિક ભાષામાં "હસન" એવો અર્થ થાય છે.

વંશવાચક નામ- (કુનીયત) : અબૂ મોહમ્મદ

વિશેષ નામો- (લકબો) : તકી, તય્યબ, ઝકી, સિબ્ત.

પુણ્યશાળી પિતા : ઈમામ અલી અ.સ.

પુણ્યશાળી માતા : જનાબ ફાતેમા ઝહરા સલા.

દાદા : જનાબ અબૂતાલિબ

દાદી : જનાબ ફાતેમા બિન્તે અસદ

અત્યંત આદરણીય પુણ્યશાળી નાના : રસૂલે ખુદા સ.અ.વ.

આદરણીય નાની : જનાબ ખદીજતુલ કુબરા

ઈમામતનો કાર્યકાળ : ૧૦ વરસ

મુબારક વય : ૪૮ વરસ

શહાદત : ૨૮ સફર, સન ૫૦ હીજરી

# મુબાહિલા

રસૂલે ખુદા સ.અ.વ. એ પોતાના (અને દીનના) રક્ષણ માટે અનેક લડાઈઓ લડવી પડી હતી પરંતુ આ સઘળા યુદ્ધોમાં રસૂલે ખુદા સ.અ.વ. એક યુદ્ધ "અધ્યાત્મિકરીતે" પણ લડયાં હતાં જેને "મુબાહિલા" કહેવામાં આવે છે. પ્રસંગ એવી રીતે બન્યો હતો કે ખ્રિસ્તી લોકો હઝરત ઈસા અ.સ. (ઈશુ ખ્રિસ્ત)ને ખુદાનો પુત્ર માનતા હતાં અને રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું હતું કે: "ખુદાને કોઈ પુત્ર નથી." ખ્રિસ્તી લોકો રસૂલની આ વાત સ્વીકારવા તૈયાર નહોતાં, છેવટે રસૂલે ખુદા સ.અ.વ. એ કહ્યું કે "ભલે! તો ચાલો આપણે આપણી વચ્ચે "મુબાહિલા" કરી લઈએ." (એટલે કે જુઠાઓ ઉપર લાનત કરીએ) તેઓ તૈયાર થઈ ગયાં. રસૂલે ખુદાએ ફરમાવ્યું: "તમો પોતાના બાળકોને લઈને આવો અમે અમારા બાળકોને લઈને આવીએ છીએ, તમો તમારી સ્ત્રીઓને લઈને આવો અમે અમારી સ્ત્રીઓને લઈને આવીશું, તમો પોતાના 'નફ્સ' લઈ આવો અમે અમારા 'નફ્સ' ને લાવીશું અને તે પછી જુઠાઓ ઉપર લાનત કરીશું."

બાળકો! તમને ખબર છે રસૂલે ખુદા સ.અ.વ. પોતાના બાળકો તરીકે કોને લઈને ગયા હતાં? હા- રસૂલે ખુદા પોતાના બાળકો તરીકે ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. ને લઈને ગયા હતાં. સ્ત્રીઓ પૈકી ફકત જનાબ ફાતેમા ઝહરા સલા. ને, તે પછી હઝરત અલી અ.સ. ને "નફ્સુલ્લાહ" કહેવામાં આવતાં હતાં. જયારે આ સમૂહને ખ્રિસ્તીઓએ જોયાં તો પોતાનો પરાજય સ્વીકારી લીધો અને ઈસ્લામનો વિજય થયો.

બાળકો! આ પ્રસંગથી આપણને એવી શીખ મળે છે કે : જુઠાનો તો હમેશાં પરાજય થાય છે જ અને વિજય તો હમેશાં સત્યનો જ હોય છે તેથી આપણે પણ હમેશાં સાચું જ બોલવું જોઈએ અને સાચાઓનો જ સાથ આપવો જોઈએ, મજાકમાં પણ જુઠ બોલવું જોઈએ નહીં - અન્યથા તેનું ખરાબ પરિણામ ભોગવવું પડશે.

## વડીલો પ્રત્યે આદરભાવ

જનાબ ફાતેમા ઝહરા સલા. ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. ને હમેશાં મસ્જિદમાં મોકલતા હતાં અને તેઓ પાછા ફરતાં ત્યારે પૂછતા હતાં કે: આપના બાબા અ.સ. એ આજે મસ્જિદમાં શું બયાન ફરમાવ્યું? અને હસ્નૈન અ.સ. આખો ખુત્બો સંભળાવી દેતાં હતાં. એક દિવસ મૌલાએ કાએનાતે વિચાર્યું "મારા બાળકો મારો ખુત્બો કેવી રીતે વર્ણવે છે તે હું પણ સાંભળુ." આપ અ.સ. ઘરે આવી જઈને તરત પડદાની આડશમાં બેસી ગયાં. બાળકો એ ખુત્બાનું વર્ણન શરૂ કર્યું, પરંતુ જીભ અટકવા લાગી. ઈમામ હસન અ.સ. એ ફરમાવ્યું: "આદરણીય માતા! એવું લાગે છે કે જાણે કોઈ વડીલ મારા અવાજને સાંભળે છે." મૌલા તરત જ પડદાની આડશમાંથી બહાર આવી ગયાં અને ઈમામને ચુંબન કરીને ફરમાવ્યું: "આપે સાચું કહ્યું છે હું પોતેજ આપના અવાજને સાંભળી રહ્યો હતો."

બાળકો! આ પ્રસંગ ઉપરથી આપણને એવી શીખ મળે છે કે વડીલોને આદર આપવો કેટલો જરૂરી હોય છે, ખાસ કરીને માતા-પિતાને. જે બાળકો પોતાના માતા-પિતાને આદર નથી આપતાં તે કદીયે પ્રગતિ કરી શકતા નથી.

આ પ્રસંગમાંથી માતા-પિતા માટે જે શીખામણ છે તે એ છે કે તેઓ પોતાના બાળકોને મસ્જિદ અને મજલિસોમાં જરૂર મોકલે અને જયારે તેઓ પાછા ફરે ત્યારે તેમને પુછવું પણ જોઈએ કે આજે મસ્જિદમાં શું કહેવામાં આવ્યું? ઝાકિર અથવા ખતીબે શું બયાન કર્યું? જેથી બાળક મસ્જિદ કે મજલિસમાં જાય તો આડી અવળી વાતોમાં સમય વેડફી નાંખે નહીં પરંતુ મજાલિસ અને શિખામણોને ગંભીરતાથી સાંભળે.

આનું પરિણામ ઘણું ફળદાયી છે. બાળક કોઈ વિશેષ મહેનત વગર જ પ્રશિક્ષણ મેળવતો રહેશે. ઈસ્લામની રીતભાત અને નૈતિકતાથી જાણકાર થતો રહેશે અને અહલેબૈત અ.સ. ના ઈતિહાસની પણ તેને જાણકારી મળતી રહેશે અને હકીકતમાં મસ્જિદ અને ઈમામ બારગાહનો લક્ષ પણ એજ છે કેમકે કરબલા એક એવી પાઠશાળા છે કે જયાંથી દરેક વયના મનુષ્યોને બોધપાઠ મળતો રહે છે અને કયામત સુધી એ લાભ સર્વસામાન્ય અને સતત મળતો જ રહેશે.

# ઈમામે ઝમાના અજ. ના સંદેશાઓ (વાણી)

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

**૧૭:- ઈમામ હુસૈન અ.સ. જીવે છે તેવો અકીદો (માન્યતા) કુફ્ર અને અજ્ઞાનતા છે:**

ઈમામ મહદી અજ. એ ફરમાવ્યું છે કે: "જે લોકો ઈમામ હુસૈન અ.સ. નું મૃત્યુ થયું નથી અને આપ અ.સ. જીવિત છે તેવી માન્યતા ધરાવે છે તેમની આ માન્યતા કુફ્ર-જુઠાણું અને અજ્ઞાનતા છે."

**૧૮:- કરબલાની માટી (તુર્બતે સૈયદુશ્શોહદા અ.સ.)ની તસ્બીહની ફઝીલત:**

ઈમામ મહદી અજ. એ ફરમાવ્યું છે કે: "હઝરત સૈયદુશ્શોહદા અ.સ. ની તુર્બતની તસ્બીહ (જેને સામાન્ય રીતે કરબલાની માટીની તસ્બીહ કહેવામાં આવે છે)ની એક ફઝીલત એ પણ છે કે જો કોઈ વ્યક્તિના હાથમાં આ તસ્બીહ હોય અને તે ઝિક્ર કરવાનું ભૂલી જાય (બેધ્યાન થઈ જાય) અને ખાલી તસ્બીહના દાણાં ફેરવતો રહે તો પણ તેના માટે તસ્બીહ અને ઝિક્ર (નો સવાબ) લખવામાં આવે છે."

**૧૯:- આપણાં આઅમાલ ઈમામ અજ. સાથે આપણાં સામિપ્યનું કારણ હોવા જોઈએ:**

ઈમામ મહદી અજ. એ ફરમાવ્યું છે કે તમો પૈકી દરેક વ્યક્તિ એ એવા જ આઅમાલ (કાર્યો) કરવા જોઈએ કે જે (તેની) અમારી સાથેના સામિપ્યનું કારણ બને (એટલે કે એવા કાર્યો કરો જેનાથી અમો ખુશ થઈ એ અને તમને પોતાની પાસે બોલાવીએ) અને એવા કાર્યો ન કરવા જોઈએ કે જે અમને પસંદ ન હોય, અમને જેના પ્રત્યે અણગમો હોય અને જે અમારા ક્રોધને નોતરે તેવા હોય અને એ અશક્ય નથી કે કોઈનું મૃત્યુ તદ્દન અચાનક થઈ જાય અને તે સંજોગોમાં તેને તૌબા કરવાની તક પણ ન મળે અથવા પોતાના આઅમાલની બાબતે પ્રાયશ્ચિત કરવાનો મોકો પણ તેને પ્રાપ્ત ન થાય. (આવા સંજોગોમાં તૌબા પણ તેને કોઈ ફાયદો પહોંચાડી નહી શકે અને પ્રાયશ્ચિત પણ તેને ખુદાના અને અમારા અઝાબથી બચાવી નહીં શકે.)

# માહે રમઝાન (રમઝાનનો મહીનો)

રમઝાનનો મહીનો આવી ગયો. દરેક દિશામાં વસંત પ્રસરેલી છે. ઝગમગાટ છે. ક્યાંક ઈબાદતની રોનક તો ક્યાંક સહરી અને ઈફતારીની રોનક, ક્યાંક કુરઆનની તિલાવતનો ઝગમગાટ. કુરઆન તો આ મહીનામાં જ નાઝિલ થયું છે, તેથી જ રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ "દરેક વસ્તુની એક વસંત હોય છે અને રમઝાનનો મહીનો કુરઆનની વસંતનો મહીનો છે."

ખુદાએ આપણાં માટે આ મહીનાના રોઝા વાજિબ કર્યા છે. રોઝાને એરેબિક (અરબી) ભાષામાં "સૌમ" કહે છે. વહાલા બાળકો! "સૌમ"નો અર્થ જાણો છો? "રોકાઈ જવા"ને અરબી ભાષામાં "સૌમ" કહેવામાં આવે છે; એટલે મનુષ્ય જ્યારે રોઝો રાખે ત્યારે પોતાને એવા દરેક કાર્યથી "રોકવું" જોઈએ જે ખુદા, રસૂલ સ.અ.વ. અને અહલેબૈત અ.સ.ને પસંદ નથી. દા.ત. ચાડી-ચુઘલી ન કરે, ઘમંડ અને અહંકાર ન કરે, કોઈની કનડગત ન કરે અને અલ્લાહની આજ્ઞા પ્રત્યે ગાફેલ ન રહે.

તમે જાણો છો કે જ્યારે ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. બાળકો હતાં ત્યારે તેઓ બીમાર પડી ગયાં હતાં ત્યારે જનાબ ફાતેમા સલા. એ ત્રણ રોઝા રાખવાની માનતા માની હતી અને જ્યારે બાળકો સાજા-નરવા થઈ ગયાં ત્યારે જનાબ ફાતેમા સલા.ની સાથે ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. એ પણ રોઝા રાખ્યાં હતાં, તે વખતે રોઝા આપ બંને ઉપર વાજિબ નહોતાં પરંતુ એ પણ હકીકત છે કે બાળપણથી જ રોઝાની ટેવ પાડવી જોઈએ જેથી મોટા થઈને જ્યારે રોઝા વાજિબ થાય ત્યારે કઠણાઈ ન પડે. બાળપણમાં આખા મહીનાના રોઝા રાખી ન શકાય તો ઉંમરના પ્રમાણમાં થોડા દિવસોના રોઝા રાખીને પણ ટેવ પાડવી જરૂરી છે.

આ મહીનામાં ખુદા પોતાની દયા-કૃપા (રહેમત)ના તમામ દ્વાર ખોલી દે છે અને દરેક સદ્કાર્ય અને અમલનો અજ બમણો કરી દે છે; એટલે સુધી કે રોઝાની સ્થિતિમાં સુવાને પણ ઈબાદતનો દરજ્જો આપ્યો છે.




આ મહીનામાં કુરઆન નાઝિલ થયું છે. આ મહીનાની ત્રણ રાત્રીઓ કે જેમને "શબે કદ્ર" કહેવામાં આવે છે તે હજાર મહીનાઓથી શ્રેષ્ઠ ઠરાવવામાં આવી છે. આ રાત્રે (રાત્રીઓએ) ઈબાદત કરવી જોઈએ અને ખુદાથી દુઆ માંગવી જોઈએ; કેમકે આ રાત્રીઓમાં આપણી તકદીર લખવામાં આવે છે, આપણાં ગુનાહોની માફી માંગવી જોઈએ કેમકે જે ગુનાહ રમઝાન મહીનામાં અને તેમાં પણ ખાસ કરીને શબે કદ્રમાં માફ નહીં થાય તે આગામી વરસમાં પણ માફ નહીં થાય.

આ મહીનામાં ખુદા ગુમરાહ થવાના તમામ માર્ગો બંધ કરી દે છે કેમકે ગુમરાહ કરનાર શૈતાન હોય છે અને શૈતાનને ખુદા આ મહીનામાં સાંકળો વડે જકડી દે છે.

## આવો બાળકો!

આપણે નિશ્ચય કરીએ કે આ મહીનાની બરકતથી આપણે ફાયદો ઉપાડીશું અને ખુદાની આજ્ઞાઓની નાફરમાનીથી બચીને રહીશું.



# મુશ્કેલીઓ દૂર થાય તે માટેની દુઆઓ

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

**સાતમી દુઆઃ**

કાર્યોમાં અડચણોથી છુટકારો મેળવવા, કામો સરળતાથી થાય તે માટે અને સફ્ળાઈ તેમજ કઠણાંઈ દૂર થવા માટેઃ

ઈમામ મુહમ્મદ તકી અ.સ. થી રિવાયત છે કે આ દુઆ હમેશાં પઢતા રહેવુંઃ

**"યા મન યકફી-મિન કુલ્લે શયઈંવ-વ-લા-યકફી મિન્હો શય-ઈકફેની મા અહમ્મની."**

**અર્થાતઃ-** હે એ ઝાત! (કે) જે દરેક વસ્તુથી પર્યાપ્ત છે અને કોઈ પણ વસ્તુ તેના સિવાય પર્યાપ્ત નથી. (મારી) હાજતોની સમસ્યાઓમાં મારી સહાયતા ફરમાવ! (મારી હાજતોની પ્રાપ્તિ માટેનો માર્ગ મારા માટે મોકળો કરી દે.)

**આઠમી દુઆઃ**

**યાદશક્તિ વધારવા માટે**

દરેક નમાઝ પછી પઢવું:

**"સુબ્હાના-મન-લા-યાઅતદી અલા અહલે મમ્લેકતેહ, સુબ્હાના-મન-લા-યાઅખુઝો-અહલલ અર્ઝે- બેઅલવાનિલ-અઝાબ, સુબ્હાનર્રઉફિર્રહીમ, અલ્લાહુમ્મજઅલ-લી-ફી-કલ્બી-નૂરન-વ-બસરા-વ-ફહેમઉં-વ-ઇલ્મા-ઈન્નકા અલા-કુલ્લે શયઇન કદીર."**

**અર્થાતઃ** પવિત્ર છે તે ખુદા જે પોતાની પ્રજા પર કોઈ અત્યાચાર નથી કરતો, પવિત્ર છે તે ખુદા! આ પૃથ્વીવાસીઓ જે જાતજાતના અઝાબોને પાત્ર છે તે અઝાબોમાં તેમને નાંખી દેતો નથી, પવિત્ર અને તદ્દન પવિત્ર છે મહેરબાન ખુદા- હે ખુદા! મારા મનને તારી ઓળખ (માઅરેફત)- દિવ્યજ્ઞાન (બસારત) અને બુધ્ધિ અને વિદ્યાઓથી ભરી દે, નિશંકપણે તું દરેક (કાર્ય કરવાની) સંપૂર્ણ શક્તિ ધરાવે છે.

# ઓળખ ચિન્હો

## બુધ્ધિશાળીના ઓળખ ચિન્હો

ઈમામ કાઝિમ અ.સ. એ હિશામને ફરમાવ્યું છે કેઃ

હે હિશામ! ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કે બુધ્ધિશાળી વ્યક્તિને ત્રણ બાબતોને કારણે ઓળખી શકાય છેઃ

૧. જ્યારે તેને પ્રશ્ન પુછવામાં આવે છે ત્યારે જ તે જવાબ આપે છે.

૨. જ્યારે લોકો વાતો કરતાં થાકી જાય (જ્યારે બીજાઓ પાસે કહેવા માટે કાંઈ ન રહે) ત્યારે તે વાત કરે છે.

૩. બુધ્ધિશાળી વ્યક્તિ સામાવાળાની જેમાં ભલાઈ અને ફાયદો હોય તે બાબતે જ ભલામણ કરે છે.

(ઉસૂલે કાફી, ભાગ ૧, પાન નં ૧૯)

## મુરખની નિશાનીઓ

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

“મુરખ વ્યક્તિને ઓળખવા માટેની નિશાનીઓ પૈકી એ પણ છે કે તે પોતાને ભિન્ન રીતે રાખે છે એટલે કે પોતાના ચહેરા ઉપર (કારણ વગર) જાત-જાતના હાવભાવ જાહેર કરે છે.”

(ગોરરૂલ-હેકમ, ભાગ ૬, પાન નં ૨૭૦૬)

## પાખંડીના ઓળખ ચિન્હો

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

પાખંડી વ્યક્તિને ત્રણ બાબતો ઉપરથી ઓળખી લઈ શકાય છેઃ

૧. જયારે તે એકલો હોય છે ત્યારે તે આળસુ અને શિથિલ હોય છે.

૨. જયારે લોકોને જુએ છે ત્યારે સ્ફુર્તિ દેખાડે છે.

૩. તે એવી જ ઈચ્છા રાખે છે કે લોકો તેના કાર્યોની પ્રશંસા જ કરતા રહે.

(ઉસૂલે કાફી, ભાગ ૨, પાન નં ૨૯૫)

# મોમિનની 103 વિશેષતાઓ

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

૩૪. મોમિન થાપણોનું રક્ષણ કરનાર હોય છે.

૩૫. મોમિન (થાપણોમાંથી) ઉચાંતરી કરવાથી અલિપ્ત રહે છે.

૩૬. સદ્‌ચારિત્ર અને અલ્લાહની બીક (તકવા) એ મોમિનનો (હમેશાંનો) સાથી હોય છે અને તે માન-મર્યાદાને જાળવે છે.

૩૭. મોમિન પરહેજગારી પ્રત્યે હમેશાં સભાન રહે છે.

૩૮. મોમિનથી ભૂલ-ચૂક અત્યંત અલ્પ પ્રમાણમાં થાય છે.

૩૯. મોમિનની રહેણી-કરણી અને વર્તન સંસ્કારી હોય છે.

૪૦. મોમિનની વાતો બીજાઓને આશ્ચર્ય પમાડે તેવી હોય છે.

૪૧. મોમિન (બીજાઓની) ભૂલ-ચૂકને માફ કરી દેનારો હોય છે.

૪૨. મોમિન બીજાઓના દુર્ગુણોની બાબતે ખણખોદ કરનારો નથી હોતો.

૪૩. મોમિન અત્યંત પ્રતિભાશાળી અને (મનનો) મજબૂત હોય છે.

૪૪. મોમિન ખૂબજ વધારે ધૈર્યવાન અને સહનશીલ હોય છે.

૪૫. મોમિન હમેશાં પ્રસન્ન અને (ખુદાની ઈચ્છા મુજબ) રાજી રહેનારો હોય છે.

૪૬. મોમિન હમેશાં (ખુદાની નેઅમતો)નો પાડ માનનારો હોય છે.

# ઈમામ અલી અ.સ.

આમ તો રમઝાનનો મહીનો બરકતોનો મહીનો છે પરંતુ આ મહીનામાં જ એ મનહૂસ દિવસ પણ છે કે જે દિવસે આપણાં પહેલાં ઈમામ અને રસૂલે ખુદા સ.અ.વ. ના જમાઈને તલવારનો ઘા મારીને શહીદ કરી દેવામાં આવ્યા હતા.

વિલાદતઃ ૧૩ રજબ સન ૩૦ આમુલ ફીલ, આપની વિલાદત ખાનએ કાઅબામાં થઈ હતી.

વાલિદ (પિતા)ઃ સૈયદુલ-બતહા જનાબે અબૂતાલિબ અ.સ.

વાલિદા (માતા)ઃ જનાબે ફાતેમા બિન્તે અસદ સલા.

નામોઃ હૈદર, અલી.

વંશવાચક નામ (કુનીયત)ઃ અબુલહસન, અબુતુરાબ.

લકબોઃ અમીરૂલ મોઅમેનીન, યાઅસુબુદ્દીન (આ ઉપરાંત પણ અસંખ્ય છે.)

શહાદતઃ ૨૧ રમઝાન, સન ૪૦ હીજરી

મુબારક વયઃ ૬૩ વરસ

બાળકો! આપણે હઝરત અલી અ.સ. ના વિશે શું જાણીએ છીએ? આપ અ.સ. આપણાં પહેલાં ઈમામ છે તેથી દરેકને આપણને પુછવાનો અધિકાર છે કે તમે પોતાના ઈમામને કેટલા પ્રમાણમાં ઓળખો છો? તેમના વિશે શું જાણો છો?

તેથી તમો પોતેજ વિચારો અને પોતાને જ જવાબ આપો કે આપ પોતાના મૌલા-મુશ્કિલ કુશા વિશે કેટલી જાણકારી ધરાવો છો?

આવો અમે આપને મૌલાના જીવનના બે મહત્વના પ્રસંગોની જાણકારી આપીએ છીએ જેને વાંચીને આપણને કંઈ ને કંઈ બોધપાઠ જરૂર મળશે.

## આપની નમાઝ

આપ નમાઝ માટે ખૂબજ ચીવટ રાખીને વ્યવસ્થા કરતાં હતાં અને ખુદાની બારગાહમાં રજુ થવા માટે પોતાને એવી રીતે તૈયાર કરતાં હતાં કે જે રીતે કોઈ લાંબા પ્રવાસે જવા માટે તૈયારી કરે છે.

એક દિવસ આપ નમાઝ પઢી રહ્યા હતાં કે લોકોને એવું લાગ્યું કે આપ અ.સ. હવે આ જગતમાંથી ચાલ્યાં ગયાં છે, એક સહાબી હઝરતે ઝહરા સલા. ના બૈતુશ-શરફે આવ્યાં અને કહ્યું: "બીબી! અલી અ.સ. નું અવસાન થઈ ગયું છે." આપ સલા. એ ફરમાવ્યું: "તમે અલી અ.સ. ને કઈ સ્થિતિમાં જોયાં છે?" આવનાર વ્યક્તિએ કહ્યું: "નમાઝની સ્થિતિમાં" આપ સલા. એ ફરમાવ્યું: "અલી અ.સ. નું અવસાન નથી થયું તે પોતાના માઅબૂદ સાથે "રાઝો નિયાઝ" ની વાતોમાં પરોવાએલાં છે."

વહાલા બાળકો! આપણે પણ આપણાં મૌલાની નમાઝમાંથી શીખ લેવી જોઈએ અને નમાઝ એવી રીતે પઢવી જોઈએ કે જ્યારે બારગાહે ખુદામાં જઈએ ત્યારે બધું જ વીસરી જઈએ અને તે એકમાત્ર અલ્લાહ પ્રત્યે જ આપણું સમગ્ર ધ્યાન-એકાગ્રતા કેન્દ્રીત કરવી જોઈએ. આવી રીતે જ્યારે કોઈ નમાઝ પઢે છે ત્યારે ખુદા ફરિશ્તાઓને કહે છે કે: "જુઓ મારો સેવક મારી સાથે કેવી રીતે વાતો કરી રહ્યો છે."

## આપ અ.સ. ની વિનમ્રતા

આપ અ.સ. હમેશાં લોકો સાથે વિનમ્રતાથી અને સસ્મિતવદને મળતાં હતાં. આપ અ.સ. ની ખિલાફતના કાર્યકાળમાં પણ કોઈ એ આપને અહંકાર અને ઘમંડ કરતા નથી જોયાં. એક દિવસ આપ અ.સ. પોતાના ખેતરથી પાછા ફરી રહ્યા હતાં ત્યારે જોયું કે એક ઘરડી સ્ત્રી લાકડાંનો ભારો ઉપાડીને જઈ રહી છે, પરંતુ ઘડપણને કારણે તે ભારો ઉપાડી શકતી નહોતી, ઉપાડવા પ્રયત્ન કરતી હતી અને પછી મૂકી દેતી હતી. આપ અ.સ. તેની પાસે ગયાં અને કહ્યું: "લાવો, હું આને તમારા ઘેર પહોંચાડી દઉં છું." તે રાજી થઈ ગઈ. આપ અ.સ. એ તે ભારો ઉપાડી લીધો અને તેના ઘર તરફ જવા લાગ્યાં, વચ્ચે પુછયું:

કહો કે તમારા ખલીફા કેવા છે? તે સ્ત્રી કહેવા લાગીઃ ''અરે તેમની તો વાત જ ન કરો, તેમને તો ફકત પોતાની જ ચિંતા છે, અમો ગરીબોનું તો કોઈ પૂછનાર જ નથી.'' આપ અ.સ. એ આ સાંભળીને પણ કાંઈ કહ્યું નહીં, તેના ઘરે પહોંચ્યાં તો તે ઘરડી સ્ત્રી ભોજન રાંધવાની તૈયારીમાં પરોવાઈ ગઈ. આપ અ.સ. એ કહ્યુંઃ ''તમે ઘરના બીજા કામકાજ કરો, રોટલી હું બનાવી દઉં છું.'' પછી તંદૂર સળગાવ્યો અને રોટી શેકવા લાગ્યાં અને એવું બોલતા જતાં હતાંઃ ''હે અલી! આ તંદૂરની આગથી તો તે આખેરતની અગ્નિ વધારે બાળવા વાળી છે.'' એટલામાં પાડોશની કેટલીક સ્ત્રીઓ તે સ્ત્રી પાસે આવી, તેમણે જોયું કે અલી અ.સ. રોટલાં શેકી રહ્યાં છે. તેમણે પેલી સ્ત્રીને પુછ્યુંઃ ''તને ખબર છે આ માણસ કોણ છે?'' પેલી સ્ત્રીએ કહ્યુંઃ ''કોઈ ભલો માણસ લાગે છે.'' પેલી સ્ત્રીઓએ કહ્યુંઃ ''અરે આ તો ખલીફતુલ-મુસ્લેમીન અલી ઈબ્ને અબીતાલિબ અ.સ. છે.'' પેલી સ્ત્રી દોડીને અલી અ.સ. પાસે ગઈ અને ક્ષમા યાચના કરવા લાગી, ત્યારે હઝરત અલી અ.સ. એ કહ્યુંઃ ''હે વૃધ્ધ સ્ત્રી! મને માફ કરી દે કે મેં આજ સુધી તારી કોઈ દરકાર નહોતી લીધી.''

બાળકો! આ પ્રસંગ ઉપરથી આપણે એવી શીખ લેવી જોઈએ કે વડીલોની સેવા ચાકરી કરવી જોઈએ અને તેમને સહાયરૂપ થવું જોઈએ.

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ ''હજારો મિત્રોમાંથી એ મિત્રને સૌથી વધારે ચાહજો જે તમારી અનઉપસ્થિતિમાં તમારી બુરાઈ સહન કરી ન લેતો હોય.''

બાળકો! ભૂલો તો દરેકથી થાય છે, કેમકે આપણે માઅસૂમ નથી પરંતુ જાણી જોઈને ભૂલ કરવી જોઈએ નહીં અને અજાણતાએ થઈ જાય તો પણ તરત જ વિચારવું જોઈએ કે તેની સુધારણાં કેવી રીતે થઈ શકે!? કેમકે ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ ''મનુષ્યની ભૂલો તો એ બોધપાઠ આપે છે જે કોઈ શાળા કે કોઈ મહાવિદ્યાલયમાં પણ નથી મળતો.''

# દુન્યા અને આખેરતના ફાયદા ( ભલાઈ)

## (ક્રમશઃ ચાલનાર લેખમાળા)

**નબીયે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ**

ખુદાની આજ્ઞાથી જીબ્રઈલ મારી પાસે આવ્યાં હતા અને કહ્યું કેઃ ‘‘હે મુહમ્મદ (સ.અ.વ.)! હું (એટલે ખુદા) તમને સુશીલતા અને વિનમ્રતાની ભલામણ કરૂં છું. એ નિઃશંક હકીકત છે કે અસુશીલતા દુન્યા અને આખેરતના ફાયદાઓને નષ્ટ કરી દે છે.’’

પછી નબીયે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું કેઃ ‘‘હે લોકો! જાણી લો કે તમો પૈકી જે વ્યક્તિ સુશીલતા અને વિનમ્રતામાં મારી સમાન હશે તે જ સૌથી વધારે મારી સમાન ગણાશે.’’

(અમાલીયે-સદૂક, પા. ૩૪૨, હ. ૪૧૫)

**ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ**

અલ્લાહ જેને ચાર વિશેષતાઓ (ટેવો) આપે છે તેને દુન્યા અને આખેરતના ફાયદા (પોતાની મેળે જ) મળી જાય છેઃ

૧. સત્યવકતાપણું

૨. થાપણની સાચવણી

૩. હલાલની આજીવિકા અને

૪. સુશીલતા તેમજ વિનમ્રતા.

(ગોરરૂલ-હેકમ, હદીસ ૨૧૪૨)

**ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ**

ખુદાવન્દે આલમ જ્યારે કોઈ વ્યક્તિને (તેના ભૂંડા-ગુનાહિત કાર્યોને કારણે) તેનું ભૂંડૂં થાય તેવું ઈચ્છે છે ત્યારે તેના સતત ગુનાહો કરતાં રહેવા છતાં પણ તેને એક-પછી-એક નેઅમતો જ આપતો રહે છે જેથી કરીને (ખુદાની નેઅમતો સતત મળતી રહેતી હોવાને કારણે) તે (પોતાના ગુનાહોના) પ્રાયશ્ચિત પ્રત્યે બેધ્યાન થઈ જાય અને ગુનાહો આચરવાનું સતત ચાલૂ જ રાખે. (દેખીતું છે કે સતત ગુનાહોને કારણે તે જહન્નમમાં જ જશે, તેથી ગુનાહો કર્યા છતાં પણ ખુદાની નેઅમતો મળતી રહે ત્યારે મનુષ્યે વિચારવું જોઈએ કે ગુનાહોમાં લિપ્ત રહેવાને કારણે તે ખુદાને ભૂલી તો નથી ગયો ને!)

(બિહારૂલ-અનવાર, ભાગ ૬૪, પાન નં ૨૨૯)

# હઝરત નૂહ અ.સ.

(હપ્તો બીજો)

તેથી તેમણે હઝરત નૂહ અ.સ. ની વાતના પ્રત્યુત્તરમાં ત્રણ દલીલો રજુ કરી.

પ્રથમ દલીલઃ તેમણે કહ્યું કેઃ “અમે તો તમને ફક્ત અમારા જેવા જ માણસ જોઈએ છીએ.” (સુરએ હૂદ, આયત ૨૭)

બીજી દલીલઃ તેમણે કહ્યું કેઃ “હે નૂહ (અ.સ.)! તારા અનુયાયીઓમાં અમને પછાત-અજ્ઞાની, અલ્પ વ્યસ્ક- યુવાનો કે જેમણે (જીવનની) સમસ્યાઓ જોઈ જ નથી તેવા કેટલાંક યુવાનો સિવાય કોઈ દેખાતાં નથી, કોઈ પણ આગેવાન અને માર્ગદર્શકનો દરજ્જો અને તેનો માન-મરતબો તેના અનુયાયીઓથી આંકવામાં આવે છે, જ્યારે અમે તારા અનુયાયીઓને જોઈએ છીએ તો અમને તેઓમાં ફક્ત કેટલાંક નકામા- અજ્ઞાની- દરિદ્ર અને સાધન સંપન્નહીન લોકો જ દેખાય છે જેમની આજીવિકાના સાધનો અને ધંધા પણ તદ્દન સાધારણ છે; આ પરિસ્થિતિમાં પ્રખ્યાત-સાધન સંપન્ન-લોકો તમારી સામે નતમસ્તક થઈ જાય તેવી આશા તમે કેવી રીતે રાખી શકો છો.?”

અમે અને આ લોકો કદીયે સાથે ચાલી શકીએ નહી. તેમજ એક જ પંગતમાં (એક જ દસ્તરખાન પર) બેસી શકીએ નહીં અને એક છત્ર નીચે એકઠા પણ થઈ શકીએ નહીં, તમને તો અમારાથી આ તદ્દન અસંભવ અને અયોગ્ય આશા છે.

એ વાત સાચી છે કે કોઈ આગેવાનને તેના અનુયાયીઓ દ્વારા ઓળખવામાં આવે છે. તે બાબતમાં તેઓ સાચા હતા પરંતુ તેમની સૌથી મોટી ભૂલ એ હતી કે તેમણે વ્યક્તિત્વના અર્થ અને તેના ધારાધોરણોને યોગ્ય રીતે સમજ્યા જ ન હતા. તેમની માન્યતા પ્રમાણે વ્યક્તિત્વના ધારાધોરણ, સંપત્તિ, ધન, વસ્ત્રો, ઘર અને સુંદર તેમજ કિંમતી સવારી જ હતા પરંતુ પવિત્રતા, અલ્લાહની બીક અને સત્ય પ્રાણાયતા જેવી ઉચ્ચ માનવીય વિશેષતાઓથી તેઓ અજાણ હતા. આ વિશેષતાઓ ગરીબોમાં વધારે અને ધનવાનોમાં ઓછી જોવા મળે છે. ઉચ્ચ જ્ઞાતિ અને નીચી જ્ઞાતિઓની વિચારસરણી તેમના વિચારો ઉપર પ્રભૂત્વ ધરાવતી હતી તેથી જ તેઓ ગરીબ લોકોને ઉતરતી કક્ષાના ગણતા હતા અને જો તેઓ આ જ્ઞાતિવાદી સમાજના કેદખાનામાંથી બહાર આવીને વિચારતા અને તે બહારના જગતને પોતાના અંતરના ચક્ષુઓ વડે જોતા તો તેમને એ હકીકતનું જ્ઞાન થઈ જાત કે એક પયગમ્બરની યર્થાતતા અને તેના સંદેશની સત્યતા ઉપર આ લોકો ઈમાન લઈ આવ્યા તેજ એક મોટી દલીલ છે. ખરી હકીકત તો એ છે કે આ લોકો બીજામાં હોય છે તેવી હઠ અને અયોગ્ય પૂર્વગ્રહથી પીડાતા નહતા પરંતુ મોટા ભાગે તેઓ પવિત્ર મન ધરાવતા યુવાનો હતા કે જેઓ તેમના મન ઉપર પડતી સત્યની પ્રથમ કીરણને તરત જ પામી જતા હતા અને સત્ય શોધવાના પ્રયત્નમાંથી જે જાગૃતિ પ્રાપ્ત થાય છે તેના વડે તેઓ સત્યની નિશાનીઓ અને નબીઓની વાણી અને તેમના કાર્યને ઓળખી લેતાં હતાં.

તેમનો ત્રીજો વાંધો એ હતો કે તું મનુષ્ય છે, ફરિશ્તો નથી. તે સિવાય પણ તારા અનુયાયીઓ ઉપરથી જ એ હકીકત ફલિત થાય છે કે તારા સંદેશાની બાબતો ખરી નથી, સૈધ્ધાંતિક રીતે જેના કારણે અમારે તમારું અનુકરણ કરવું જોઈએ તેવી કોઇ સર્વોપરીતા તમે ધરાવતા નથી તેથી અમે માનીએ છીએ કે તમે જૂઠા છો. (સુરએ હૂદ, આયત ૨૭)

હઝરત નૂહ અ.સ. ના પ્રત્યૂત્તરોઃ

કુરઆનમાં આ બહાના કરનારાઓ અને વાર્તાઓ ઘડનારા લોકોને હઝરત નૂહ અ.સ. એ જે જવાબ આપ્યા હતા તેનું વર્ણન છે. સૌથી પહેલા કહેવામાં આવ્યું છે કેઃ "હે કોમ! હું મારા પરવરદીગાર તરફથી સ્પષ્ટ નિશાની અને મોઅજીઝો લઈને આવ્યો છું અને તેણે રિસાલતના આ સંદેશો પહોંચાડવાની ફરજને કારણે પોતાની રહેમત મારી સાથે કરી દીધી છે, અજ્ઞાનતાને કારણે આ બાબત તમે પામી ન શક્યા હોવ તો પણ શું તમે મારી રિસાલતનો ઇનકાર કરી શકો અને મારા અનુકરણને તજી દઈ શકો છો!?" (સુરએ હૂદ, આયત ૨૮)

હઝરત નૂહ અ.સ. નો આ પ્રત્યૂત્તર તેમની કોમના ગર્વિષ્ઠ લોકોના ત્રણ વાંધાઓ પૈકી કોની સાથે સંબંધ ધરાવે છે?

કુરઆન શરીફની વ્યાખ્યા અને વિવરણ કરનારાઓ (મુફસ્સેરીન)માં આ બાબતે ખૂબ મતમતાંતર છે પરંતુ આ જવાબનું ધ્યાન પૂર્વક મનન કરવામાં આવે તો એ

બાબત સ્પષ્ટ થઈ જાય છે કે આ સ્વયંસંપૂર્ણ જવાબ ત્રણેય વાંધાઓનો પ્રત્યુત્તર બની શકે છે.

તેમનો પહેલો વાંધો એવો હતો કે તમે એક મનુષ્ય છો. તેના જવાબમાં આપ એ ફરમાવ્યું કે "હું તમારા જેવો જ એક મનુષ્ય છું, એ વાત સાચી છે પરંતુ અલ્લાહ તઆલાએ મને સ્પષ્ટ અને નજરે જોઈ શકાય તેવી નિશાનીઓ આપી છે, તેને કારણે મારું મનુષ્ય હોવું તે મારી આ મહાન રિસાલતની બાબતમાં બાધક બની શકે નહીં અને મારું ફરિશ્તો હોવું તે અનિવાર્ય જરૂરીયાત પણ ન હતી."

તેમનો બીજો વાંધો એવો હતો કે તમારા અનુયાયીઓ અવિચારી અને બિન અનુભવી વ્યક્તિઓ છે. તેના પ્રત્યુત્તરમાં આપે ફરમાવ્યું કેઃ "તમે પોતેજ અવિચારી અને અજ્ઞાની લોકો છો કે જેઓ તદ્દન સ્પષ્ટ હકીકતને પણ જોતા નથી કે મારી પાસે એવી નિશાનીઓ મોજુદ છે જે સત્ય શોધનાર દરેક વ્યક્તિ માટે પર્યાપ્ત હોય અને તમારા જેવા ઘમંડી પોતાની જાતને ઉચ્ચ માનનારા લોકો કે જેઓ અહંકાર અને સત્તાનો આંચળો ઓઢેલાં છે તેમની સત્ય શોધનાર આંખ નકકામી થઇ ગઇ છે."

તેમનો ત્રીજો વાંધો એવા પ્રકારનો હતો કે અમારી સરખામણીમાં અમને તમારામાં કોઇ ઉચ્ચતા કે વિશિષ્ટતા દેખાતી નથી. તેના જવાબમાં આપે ફરમાવ્યું છે કેઃ "એનાથી વધુ ઉચ્ચ બીજી કઈ વિશેષતા હોઈ શકે કે ખુદાની રહેમત મને પ્રાપ્ત થયેલી છે અને ખુદાએ તદ્દન સ્પષ્ટ દલીલો અને નિશાનીઓ મને સોંપી છે જેને કારણે તમે મને નીચા દરજ્જાનો ગણો તેનું કોઇ કારણ નથી મારી વાણી જ મારી સૌથી મોટી નિશાની છે." (ક્રમશઃ)

# આપણાં નબી સ.અ.વ. ના

## સદ્ચારિત્રના દ્રષ્ટાંતો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

### સ્ત્રીઓને સલામ:

“કાફી”માં ઈમામ સાદિક અ.સ. થી રિવાયત છે કેઃ-

“આપ સ.અ.વ. સ્ત્રીઓને સલામ કરતાં હતાં અને તે પણ (સલામનો) પ્રત્યુત્તર આપતી હતી.”

(કિતાબુલ-ફિક્હ, પાન નં ૧૩૨૦, હદીસ ૯૪૭ અને એલલુશ્શરાએઅ, પાન નં ૩૬૬)

હઝરત અલી અ.સ. પણ સ્ત્રીઓને સલામ કરતાં હતાં પરંતુ યુવાન સ્ત્રીઓને સલામ કરવાનું પસંદ નહોતાં કરતાં. આ અંગે ફરમાવ્યું છે કેઃ

“(તે સલામનો જવાબ આપે ત્યારે) તેમનો અવાજ મારા ઉપર અસર ન કરી જાય, આવું થાય તો સવાબને બદલે મારું નુકસાન થઈ જશે.”

(અલ-કાફી, હદીસ ૨૬૪૮ અને ૫૫૩૫ તેમજ અલ-મુસ્તદરક હદીસ ૮૩૭૩)

## એ કાર્યો કે જેમને

## હુઝૂર સ.અ.વ. એ કદી કર્યા નથી:

મકારેમુલ-અખલાક પુસ્તકમાં

હઝરત અલી અ.સ. થી રિવાયત છે કે:

“આપ હઝરત સ.અ.વ. જ્યારે

કોઈની સાથે હસ્તધૂન કરતાં તો ક્યારેય

પોતાનો હાથ સામાવાળા વ્યક્તિ કરતાં પહેલાં ખેંચી

લેતાં નહોતાં. જ્યારે કોઈ વ્યક્તિ આપ સ.અ.વ. ને

પોતાની કોઈ વ્યથા રજુ કરતો અથવા કાંઈ વાત કહેતો

ત્યારે આપ સ.અ.વ. ક્યારેય તેના પ્રત્યે બેધ્યાન

નહોતાં થઈ જતાં

(તેના પ્રત્યે ધ્યાન સંપૂર્ણપણે કેન્દ્રીત રાખતાં હતાં)

જ્યારે કોઈ આપ સ.અ.વ. ની સાથે વાત કરતો ત્યારે

આપ સ.અ.વ. કદીયે તેનાથી પહેલાં વાતચીત કરવાનું

બંધ નહોતાં કરતાં, ક્યારેય કોઈની સામે પગ

પસરાવતાં નહોતાં. જ્યારે કોઈ બે કામોમાંથી એક કામ

કરવાની આપ સ.અ.વ. ને સંપૂર્ણ સત્તા હોય તે

સંજોગોમાં આપ સ.અ.વ. પોતાના માટે તે બે કામોમાંથી

મુશ્કેલ કામ પસંદ કરતાં હતાં.

જ્યારે આપ સ.અ.વ. ના ઉપર અત્યાચાર
કરવામાં આવતો તે સંજોગોમાં પણ આપ સ.અ.વ.
બદલો નહોતાં લેતાં પરંતુ અલ્લાહે પવિત્ર ગણી હોય
તે બાબતોનું અપમાન થતું તે સંજોગોમાં આપ ગુસ્સે થતાં
હતાં; એટલે કે આપ સ.અ.વ. નો ક્રોધ ફક્ત અને ફક્ત
અલ્લાહની આજ્ઞાઓ માટે જ થતો અને આપ સ.અ.વ. એ
જીવનમાં કદી પણ (કોઈ વસ્તુનો) ટેકો લઈને (અથવા કોઈ
વસ્તુ પર પીઠ ટેકવીને) ભોજન આરોગ્યું નથી."

અલ-કાફી, હદીસ ૨૬૬૧, મકારેમુલ-અખલાક, હદીસ ૨૬, અલ-મુસ્તદરક, હદીસ ૮૪૦૦

## લોકોની હાજતો પૂરી કરવી:

જ્યારે પણ આપ હઝરત સ.અ.વ. થી કોઈ
વસ્તુ માંગવામાં આવતી ત્યારે આપ સ.અ.વ. એ કદીયે
(તે વસ્તુ આપવા માટે) "લા" (ના) નથી કહ્યું. ક્યારેય કોઈ
જરૂરતવાળી વ્યક્તિને નિરાશ કરીને પાછો મોકલી દીધો નથી
અને શક્ય હોય તે સંજોગોમાં તેની જરૂરીયાત અવશ્ય સંતોષી છે અને
જ્યારે તેની જરૂરયાત સંતોષવી શક્ય ન હોય તે સંજોગોમાં ખુબજ
નરમાશથી મધુર વાણીમાં તેને સંતોષ થાય તે રીતે સમજાવ્યું છે. આપ
સ.અ.વ. ની નમાઝ તદ્દન ક્ષતીરહિત પરંતુ સંક્ષિપ્ત રહેતી હતી. આપ
સ.અ.વ. ના ઉદબોધનો સૌથી વધારે સંક્ષિપ્ત રહેતાં હતાં. આપ
સ.અ.વ. અભદ્ર અને બિનજરૂરી વાતોથી દૂર રહેતાં હતાં. આપની
સર્વશ્રેષ્ઠ સુગંધથી જ લોકો આપને ઓળખી જતાં હતાં.

("સુનનુન્નબી" નામના પુસ્તકમાંથી ચુંટી કાઢેલું)

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો,

આપેલ ચિત્રને રંગ પૂરીને સુંદર બનાવો.



# પત્રાવલી

વહાલા બાળકો! આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે.

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં!




# બાળકોની ડાયરી

વહાલા બાળકો! આ પાનું તમારૂં રહેશે તમે કોઈ ચિત્ર બનાવી અમોને મોકલશો જેથી તમારૂં આ પાનું ભર્યું ભર્યું રહે.

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં!




# બાલ રોઝેદાર

વહાલા બાળકો! રમઝાનુલ મુબારકમાં જે બાળકોએ રોઝા રાખ્યા હોય તો પોતાનો ફોટો, નામ, ઉંમર, સરનામું અને કેટલા રોઝા રાખ્યા છે તે વિગતો અમને અવશ્ય મોકલી આપશો અમે તેમને "હાદી" માસિકમાં પ્રકાશિત કરીશું.



# ઈનામી સ્પર્ધા

વહાલા બાળકો! આપની પાસે અંક ૭૨ની ઝીલકાદ માહે સપ્ટેમ્બર ૨૦૧૪નો અંક અમોને મોકલનાર બાળકને યોગ્ય ઈનામ વહેલા તે પહેલા માત્ર ત્રણ બાળકોને આપવાના હોવાથી “હાદી માસિક” ને તમારો નામ, ફોન નંબર, ફોટો મોકલવાનો રહેશે.




## “હાદી” માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરોઃ

અમદાવાદઃ (૧) શબ્બીર ભાઈ નુરાની ફોનઃ 9376168306
(૨) મૌલાના ઝફરુલ હસન ફોનઃ 9327536638
(૩) ઝાકીર ભાઈ મોમીન ફોનઃ 9327041314

ભાવનગરઃ મુસ્તાકભાઈ વિરાણી ફોનઃ 9824538114

મહુવાઃ મહેદીરઝા એમ. બંભોરા ફોનઃ 9924327227

કાણોદરઃ નૌશાદભાઈ, જાફરી ચેનલ ફોનઃ 9998773611

મેતાઃ મોહસીનભાઈ કદાવાલ ફોનઃ 9898369089

ભરૂચઃ મુસ્તાકઅલી પાનવાલા ફોનઃ 9824243051

સેલવાસાઃ ગુલાબ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ 9825999978

ધોળકાઃ કમરઅલીભાઈ મોમીન

ડેડીયાપાડાઃ રિઝવાન હુસૈન અમીરઅલી રાજાણી ફોનઃ 9427175231

રાજૂલાઃ મૌલાના હસન મહેદી ફોનઃ 9904146110

સિહોરઃ હસનઅલી વજીરઅલી વસાયા ફોનઃ 9879969868

અંજારઃ રફીકભાઈ ખોજા ફોનઃ 9925318621

કચ્છઃ મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોનઃ 9824216470

રૂસ્તમપુરાઃ સૈયદ આશીક હુસૈન ફોનઃ 9824119372

ખાસ નોંધઃ સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

**વાર્ષિક લવાજમઃ રૂપિયા ૩૦૦/-**



فزت ورب الكعبة

لعن الله من ظلمك وغصب حقك

يا امير المؤمنين

PRINTED AND PUBLISHED BY: RIZVI MOHMED RAZA ABID HUSEIN ON BEHALF OF
HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
RNI No: GUJGUJ/2015/59960
AND PRINTED AT PRINT CARE, N.R. ESTATE, TAVDIPURA, SHAHIBAUG, AHMEDABAD-380 004
AND PUBLISHED FROM HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, BEHIND TASLIM SOCIETY, NEAR GOLDEN PARK, VATVA, AHMEDABAD- 382 440
EDITOR: RIZVI MOHMED RAZA ABID HUSEIN